## નોખી માટીનો નોખો માનવી :
# ધીરુભાઈ અંબાણી



**૨૮ ડિસેમ્બર, ૧૯૩૨ - ૬ જુલાઈ, ૨૦૦૨**
**ધીરુભાઈ અંબાણી**

એક સમયે જે બળબળતા તાપમાં ઉઘાડા પગે છાશ લેવા જતો હોય, જે કુટુંબમાં હાથ બટાવવા કેરીઓ વેચવા જતો હોય, જે કૂવેથી પાણી સિંચતો હોય, રેશનિંગ ને કેરોસીનની કતારમાં ઊભો રહેતો હોય, જેની પાસે માત્ર બે જોડી કપડાં હોય અને જે મુંબઈની ફૂટપાથ પર યાર્નની દલાલી કરતો હોય.. કહો જોઉં, આ માણસ આગળ જઈને શું બન્યો હશે?

આ સવાલનો જવાબ એક જ હોઈ શકે અને એક જ છેઃ ધીરુભાઈ અંબાણી! રિલાયન્સ ઔદ્યોગિક સામ્રાજ્યના સ્થાપક. શૂન્યમાંથી અઢળક સંપત્તિ અને સમૃદ્ધિના સર્જક. સંઘર્ષના સથવારે સફળતા અને સિદ્ધિનાં શિખરો કઈ રીતે સર કરી શકાય તેનું જ્વલંત ઉદાહરણ.... ધીરુભાઈ પ્રારબ્ધ અને પુરુષાર્થનો અનોખો સંગમ હતા. નોખી માટીના નોખા માનવી હતા. દેખાવમાં સામાન્ય જણાતા ધીરુભાઈએ આંખોમાં અસામાન્ય સપનાં આંજ્યાં અને એ સપનાં સાકાર પણ કર્યાં. પ્રસન્ન થયેલાં લક્ષ્મીદેવી રૂમઝુમ પગલે આવ્યાં અને એક સમયે ઉઘાડા પગે ચાલનાર ધીરુભાઈના આંગણામાં દેશવિદેશની ગાડીઓના કાફલા સાથે અંગત વિમાન અને હેલિકોપ્ટર ખડાં કરી દીધાં. આજે ધીરુભાઈ તો નથી, પણ ધીરુભાઈના પરિશ્રમ અને પુરુષાર્થના પ્રતાપે એમના વારસદારો વૈભવની છોળમાં મહાલી રહ્યા છે!

દેશદેશાવરમાં રિલાયન્સનું નામ ગાજતું ને ગુંજતું કરનાર ધીરુભાઈ અંબાણી વિશે ઘણું ઘણું લખાયું છે. રિલાયન્સ નામનું ઔદ્યોગિક સામ્રાજ્ય એમણે કઈ રીતે ઊભું કર્યું એની પણ ખાસ્સી ચર્ચા થઈ છે. ધીરુભાઈ પોતાની આગવી કોઠાસૂઝના કારણે ધંધામાં મોટું જોખમ ખેડવા તૈયાર થઈ જતા એ તો જાણે જગજાહેર વાત છે, પરંતુ બાળપણમાં પણ એમણે પોતાના સાહસિક સ્વભાવની ઝલક વારંવાર દર્શાવી હતી, એ હકીકત બહુ ઓછા લોકો જાણતા હશે!

ધીરુભાઈ બાળપણથી જ સાહસિક અને પરાક્રમી હતા. નીડરતા અને નેતૃત્વના ગુણો એમણે નાનપણમાં જ આત્મસાત કરી લીધા હતા. ભારતની આઝાદીની ચળવળ દરમિયાન એમણે પોતાની પરાક્રમી પ્રકૃતિનો પરિચય કરાવી દીધો હતો. કોકિલાબહેને 'ધીરુભાઈ અંબાણીઃ મારા જીવનસાથી' નામના દળદાર ગ્રંથમાં ધીરુભાઈની સાહસવૃત્તિ આ શબ્દોમાં વર્ણવી છેઃ '૧૯૪૭ની સાલ હતી.. જૂનાગઢ પણ ત્યારે સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગ્રેસર હતું. ધીરુભાઈ ત્યારે બોર્ડિંગમાં પોતાનાથી ઉંમરમાં મોટા મિત્રો સાથે આઝાદીની ચળવળમાં સક્રિય રસ લેતા. એ દિવસોમાં તેઓ 'કદમ કદમ બઢાયે જા' ગીત ગાતા, જુસ્સાથી આઝાદીના નારાઓ પોકારતા, સભાઓ ગજવતા ને સરઘસોમાં જોડાતાં જૂનાગઢ બોર્ડિંગમાં સૌ મિત્રોએ સાથે મળીને 'જૂનાગઢ વિદ્યાર્થી સંઘ' નામનું મંડળ સ્થાપ્યું હતું. વિદ્યાર્થી સંઘની જોખમી પ્રવૃત્તિ કરવા કોઈ આગળ ન આવે ત્યારે રસ્તા પર નવાબી શાસન વિરુદ્ધ સૂત્રો લખવાની જવાબદારી ધીરુભાઈ ઉપાડી લેતા. રાત આખી જાગીને લખતા રહેતા અને દિવસે સ્કૂલમાં ભણવા પહોંચી જતા. વિદ્યાર્થી નેતાઓના છુપા અડ્ડાઓથી પોસ્ટરો કે ચોપાનિયાં સ્વાતંત્ર્ય સેનાનીઓને પહોંચાડવાનું કે લાવવા-લઈ જવાનું જોખમી કામ પણ દોડી દોડીને કરતા.

એ જ દિવસોમાં ભારતને આઝાદી મળી. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે સૌ સ્વતંત્રતાનો ઉત્સવ મનાવી રહ્યા હતા, પણ જૂનાગઢની જનતાને રાષ્ટ્રધ્વજ ફરકાવવાની છૂટ નહોતી મળી. એ વખતે ધીરુભાઈએ જૂનાગઢ બોર્ડિંગમાં ત્રિરંગો ફરકાવીને પોતાની નીડરતાનો પરિચય આપ્યો હતો!

ધીરુભાઈ અંબાણી બાળપણથી જ સાહસિક અને પરાક્રમી હતા, નીડરતા અને નેતૃત્વના ગુણો તો એમણે નાનપણમાં જ આત્મસાત કરી લીધા હતા

ધીરુભાઈ નીડર હોવાની સાથે જ રંગીન, રમતિયાળ અને રમતપ્રેમી હતા. ખાવાના, રમવાના અને રખડવાના શોખીન. પડકારો ઝીલવા તત્પર. એમના શબ્દકોશમાં અશક્ય નામનો શબ્દ જ નહોતો. ક્યારેક ચાંદની રાતે એ સ્મશાનમાં જઈ ચડતા તો ક્યારેક ગીરનાં જંગલોમાં જઈ સિંહ સામે રોફ મારતા. ગિરનાર એમને અત્યંત પ્રિય હતો. શિવરાત્રીનો મેળો હોય ત્યારે ગિરનારની તળેટીમાં મિત્રો સાથે ભજિયાં બનાવીને વેચતા. પછી મેળામાં હરતા, ફરતા, રમતા ને ભમતા. મોજમજા કરતા.

જો કે ધીરુભાઈની ધીંગામસ્તીનો અસલ રંગ તો ગામઠી રમતોમાં જોવા મળતો. શારીરિક તાકાત અને ખડતલપણું માગી લે તેવી બધી રમતોમાં એ છવાઈ જતા. હુતુતુતુ, ગિલ્લીદંડા, પતંગ ચગાવવી વગેરે એમની પ્રિય રમતો. લાકડાના પાટિયાનું બેટ બનાવી ક્રિકેટ રમતા અને આંબા-આંબલી પર ચડી કેરી ને આમલી તોડતા. દિવાળી, હોળી ને શિવરાત્રી જેવા તહેવારો ખૂબ માણતા.

ધીરુભાઈ ઘરના કામમાં પણ મદદરૂપ થતા. ઘરકામમાં મહેનતનું કામ હોય તો ધીરુભાઈને જ સોંપાતું. બેન કૂવા પર કપડાં ધોવા જાય ત્યારે કૂવામાંથી પાણી સિંચવાનું કામ ધીરુભાઈ કરતા. રેશનિંગની દુકાને જઈ અનાજ લાવવાનું કે કેરોસીનની કતારમાં ઊભા રહેવાનું કામ પણ ધીરુભાઈના જ માથે. કતારમાં ધક્કા-મુક્કી થાય, ઝઘડા કે મારામારી પણ થાય, પણ ધીરુભાઈ બધાને પહોંચી વળે. સરસામાન સલામત રીતે ભેગો કરે. વાડીએથી કેળાંની લૂમ, શિંગના કોથળા ને ઢગલોએક શક્કરિયાં ઉપાડીને ઘેર લઈ આવે. બજારમાં તાજો ગોળ જુએ તો ઘેર જઈ મા પાસેથી તપેલી લે, ને ગોળ ખરીદવા ઉપડી જાય. બળબળતા તાપમાં ઉઘાડે પગે દાદા-દાદી માટે છાશ લેવા જાય. વાડીએથી કેરીઓ ઉતારવી અને કોથળા ભરીને સારવાનું, જુદી પાડવાનું કામ પણ ધીરુભાઈ જ કરે. બધાં જ કામમાં ઉત્સાહ ટપકે.

ધીરુભાઈ ઉત્સાહી તો હતા, પણ ઉતાવળિયા પણ હતા... સૌરાષ્ટ્રના ચોરવાડમાં ૨૮ ડિસેમ્બર ૧૯૩૨ના રોજ હીરાચંદ માસ્તર અને જમનાબહેનને ઘેર એમનો જન્મ થયો ત્યારે ઓળીઝોળી પીપળ પાન કરીને ફોઈએ ધીરજલાલ નામ પાડ્યું, પણ એમનામાં ધીરજનો છાંટોય ન મળે. ભારે ઉતાવળિયો સ્વભાવ. ધીરુભાઈએ 'ધીરજનાં ફળ મીઠાં' કહેવત

ધીરુભાઈ ઉત્સાહી તો હતા, પણ ઉતાવળિયા પણ હતા... સૌરાષ્ટ્રના ચોરવાડમાં ૨૮ ડિસેમ્બર ૧૯૩૨ના રોજ હીરાચંદ માસ્તર અને જમનાબહેનને ઘેર એમનો જન્મ થયો ત્યારે ઓળીઝોળી પીપળ પાન કરીને ફોઈએ ધીરજલાલ નામ પાડ્યું, પણ એમનામાં ધીરજનો છાંટોય ન મળે. ભારે ઉતાવળિયો સ્વભાવ.

તો સાંભળી હશે, પરંતુ એમણે ઉતાવળે આંબા પકવવા હતા. એમની ઉતાવળ જોઈને વડીલો ક્યારેક ટપારતા પણ ખરા: ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર... પણ ધીરુભાઈ તો એના એ જ.

ધીરુભાઈ પોતાના ઉતાવળિયા સ્વભાવને કારણે ક્યારેક પિતાજી સાથે પણ દલીલ કરી બેસતા.. એકવાર એવું થયું કે ધીરુભાઈથી મોટા રમણીકભાઈને પિકનિકમાં જવાનું હતું. રમણીકભાઈ શાંત અને સૌમ્ય પ્રકૃતિના. પિતાજીએ એમને પૈસા આપ્યા તે ચૂપચાપ લઈ લીધા. પછી ધીરુભાઈને કશેક જવાનું હતું. ત્યારે પિતાજીએ એમને વાપરવા પૈસા આપ્યા. રમણીકભાઈને આપ્યા તેના કરતાં એ પૈસા ઓછા હતા, એટલે તેજીલા તોખાર જેવા ધીરુભાઈને ગુસ્સો આવ્યો. પિતાજીને કહ્યું: 'મને ઓછા કેમ?' અને પછી એમનું ખાસ વાક્ય: 'ફદિયાં ફદિયાં શું કરો છો ? ફદિયાંના ઢગલા કરીશ...'

અને ખરેખર ધીરુભાઈએ ફદિયાંના એટલા ઢગલાં કર્યાં કે આજે પણ એ ગણ્યા ગણાતા નથી, વીણ્યા વીણાતા નથી તોય અંબાણી બંધુઓની છાબડીમાં સમાય છે!

## ધીરુભાઈ હાર્યા, કોકિલાબહેન જીત્યાં

'પહેલીવાર એમને જોયેલા તે આજે મને યાદ છે. ઊંચો, પાતળો પણ સશક્ત બાંધો, શ્યામ વાન અને ચમકતી આંખો, જેમાં જિંદગીનો તરવરાટ છલકાતો હતો. સફેદ શર્ટ, સફેદ પેન્ટને કાળાં જૂતાંમાં સજ્જ એમનું વ્યક્તિત્વ પ્રભાવક લાગતું હતું. અચાનક ધમાધમ આવ્યા. એમનો હસમુખો ચહેરો અને તરવરાટ મને ગમી ગયેલો અને મનમાં થયેલું કે આ જ મારો જીવનસાથી બનશે...'

કોકિલાબેન અંબાણીએ ધીરુભાઈ સાથેની પ્રથમ મુલાકાતનું આ શબ્દોમાં વર્ણન કર્યું છે. પછી તો વર-કન્યાએ એકમેકને પસંદ કર્યાં. વાજતેગાજતે લગ્ન લેવાયાં. એ જમાનાના રિવાજ મુજબ વરની માએ વરઘોડિયાને પોંખ્યા અને નવી વહુનાં કંકુપગલાં પાડ્યાં. કંકુપગલાં પાડતાં પાડતાં યુગલને ગણેશજી સામે કોડીએ રમવા બેસાડ્યા. આ વિધિ પ્રમાણે વરવધૂ પાટલા પર ગણેશસ્થાપના સામે બેઠા. એક થાળ દૂધ અને પાણીથી ભરવામાં આવ્યો. તેમાં અબીલ-ગુલાલ, કંકુ, કોડીઓ અને વીંટી નાખવામાં આવી. થાળમાં હાથ નાખીને વરવધૂ વીંટી શોધવાની રમત રમવા લાગ્યા. જે વીંટી જીતી જાય તેનું ઘરમાં ચાલે એવી માન્યતા હતી. ધીરુભાઈ તો પહેલેથી ખેલદિલ એટલે વીંટી શોધીને ચૂપચાપ કોકિલાબહેનના હાથમાં પકડાવી દીધી. પછી બધાને કહ્યું : કોકિલા જીતી ગઈ!

આમ કોકિલાબહેન જીત્યાં અને ધીરુભાઈ હાર્યા... પણ જોવા જઈએ તો એ હારમાં પણ જીત જ સમાયેલી હતી ને?